# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત મોટી ભૂમિકા ભજવશે.

❖ શ્રી મોદીએ કહ્યું, આગામી સમયમાં દેશના અન્ય શહેરોને પણ નમો ભારત રેપીડ રેલથી જોડવામાં આવશે.

❖ રાજ્યભરમાં આજથી સ્વચ્છતા હી સેવા પખવાડિયા અને સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ થશે.

❖ સરકારની તમામ યોજનાઓની માહિતી એક જ જગ્યાએ મળી રહે તે માટે અંબાજી મેળામાં મલ્ટિમીડિયા પ્રદર્શનનો પ્રારંભ.

❖ રાજ્યભરમાં આજે અનંત ચતુદર્શી નિમિત્તે ગણપતિ બાપ્પાને ઉત્સાહભેર વિદાય અપાશે.

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM MODI INAUGURATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાજ્યમાં 8 હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. દરમિયાન શ્રી મોદીએ પોતાની સરકારના 100 દિવસમાં થયેલી કામગીરી સહિત અનેક મુદ્દા પર વાત કરી હતી. અમદાવાદના જીએમડીસી મેદાનમાં યોજાયેલા 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભમાં પ્રધાનમંત્રીએ કહ્યું, આજે રાજ્યના હજારો પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે. આ પરિવારો નવરાત્રિ, દશેરા, ધનતેરસ, દિવાળી સહિતના બધા તહેવાર ઉમંગ અને ઉલ્લાસથી પોતાના નવા ઘરમાં ઉજવશે, એનો આનંદ છે.રાજ્યમાં આવેલી અતિવૃષ્ટિની વાત કરતા તેમણે કહ્યું કે, આ વરસાદના કારણે સ્વજનો ગુમાવનારા પરિવારોને કેન્દ્ર અને રાજ્ય સરકાર તમામ પ્રકારની મદદ આપી રહી છે.

પ્રધાનમંત્રીએ પોતાની સરકારના ત્રીજા કાર્યકાળ અંગે જણાવ્યું કે, ગત છેલ્લા 100 દિવસમાં યુવાનો માટે નોકરી, સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. 100 દિવસમાં 15 લાખ કરોડથી વધુની યોજનાઓ પર કામ શરૂ કરાયું છે.

શ્રી મોદીએ ઉંમેર્યું કે, દેશમાં ત્રણ કરોડ લખપતિદીદી બનાવવામાં આવશે, જેમાં છેલ્લા એક વર્ષમાં એક કરોડ લખપતિ દીદી બની ગઈ છે. તેમ જ આ ત્રીજા કાર્યકાળમાં માત્ર 100 દિવસમાં જ 11 લાખ નવાં લખપતિ દીદી બનાવવામાં આવ્યાં છે.

વધુમાં શ્રી મોદીએ કહ્યું કે....

**(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, 100 દિવસ)**

પ્રધાનમંત્રીના હસ્તે ગઇકાલે યોજાયેલા વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્તમાં સુરત મહાનગરપાલિકાના 112 કરોડના ખર્ચે નવનિર્મિત 1 હજાર 284 પી.એમ. આવાસોનું લોકાર્પણ કરાયું હતું.

આ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા 24.41 કરોડના ખર્ચે નિર્માણ થયેલા 353 આવાસો અને 12 દુકાનોનું પણ ઇ-લોકાર્પણ પ્રધાનમંત્રીએ કર્યું હતું.

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા – પ્રવેશ) -(NAVIN)

# PM MODI GUJARAT

અમદાવાદના જીએમડીસી મેદાનના કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમદાવાદ અને ભુજ વચ્ચે 'નમો ભારત રેપિડ રેલ'ની શરૂઆત થતાં આ દિવસ રાજ્ય માટે વિશેષ છે. આગામી સમયમાં પણ દેશના અન્ય શહેરોને નમો ભારત રેપીડ રેલથી જોડવામાં આવશે.

પ્રધાનમંત્રીએ ઉંમેર્યું, છેલ્લા 100 દિવસમાં વંદે ભારત ટ્રેનના નેટવર્કને ઝડપથી વિકસાવવા વિશેષ ધ્યાન અપાયું છે. દેશમાં 15થી વધુ રૂટ ઉપર નવી વંદે ભારત ટ્રેનો શરૂ થઈ છે. ગત 15 સપ્તાહમાં દરેક સપ્તાહમાં એક વંદે ભારત ટ્રેન દેશમાં શરૂ કરવામાં આવી છે. 125થી વધુ વંદે ભારત ટ્રેન દેશમાં હજારો લોકોને સારો અનુભવ કરાવશે.

શ્રી મોદીએ કહ્યું, આગામી 25 વર્ષમાં દેશને વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ સાકાર કરવામાં રાજ્યની મોટી ભૂમિકા રહેશે. ઉત્તમ ગુણવત્તા ઉત્પાદ માટે ગુજરાત ભારત અને વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરશે.

વધુમાં શ્રી મોદીએ કહ્યું, ગુજરાત દેશને પહેલું 'મેડ ઇન ઇન્ડિયા' એરક્રાફ્ટ આપશે. સેમિકન્ડક્ટર મિશનમાં પણ ગુજરાત અગ્રેસર છે.

---

- (માહિતી ખાતા - પ્રવેશ)

-(NAVIN)

# KUTCH METRO TRAIN

અમદાવાદથી ભૂજ વચ્ચે નમો ભારત રેપિડ રેલવેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી ફરકાવીને આરંભ કરાવ્યો હતો..ત્યારે ગઈકાલે સાંજે ભૂજ રેલવે સ્ટેશનથી નમો ભારત રેપિડ ટ્રેને પ્રસ્થાન કર્યુ હતું.. ગઈકાલથી શરૂ થઇ રહેલી આ ટ્રેનમાં ભૂજથી લોકોએ ઢોલનગારા સાથે ટ્રેનમાં પ્રવેશ કર્યો હતો.. મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં આ ટ્રેને અમદાવાદ આવવા પ્રસ્થાન કર્યુ હતું.. આ ટ્રેન અઠવડિયાના છ દિવસ દોડશે.

---

- PTC-W.KUTCH-HEMANG PATTANI, HARSHAL PANDYA, SONAL

# PM SOMNATH TRUST MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગાંધીનગરના રાજભવન ખાતે સોમનાથ ટ્રસ્ટીમંડળની 123મી બેઠક યોજાઈ ગઈ. બેઠકમાં નવા ટ્રસ્ટીની નિમણૂક, વાર્ષિક હિસાબો, યાત્રિ સુવિધા કેન્દ્ર, સંસ્કૃત પાઠશાળા ડેસબોર્ડ તેમ જ ગણપતિજીના વિવિધ સ્વરૂપોની ઝાંખીનું લોકાર્પણ, માસ્ટર પ્લાન અંગે ચર્ચા જેવા અનેક અગત્યના નિર્ણયો કરવામાં આવ્યા.

સ્થાનિક ફેરિયાઓને રોજગારી અને સારી સુવિધા સાથેની દુકાન મળે તે માટે “હાટ” બનાવવા સ્થાનિક વેરાવળ-પાટણ નગરપાલિકાને જમીન ફાળવવાનો પણ નિર્ણય કરાયો હતો. આ જમીનમાં ફેરિયાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખી કન્ટેનરમાં લાઈટ, પાણી પ્લેટફોર્મ, રસ્તા, પીવાનું પાણી અને શૌચાલય જેવી સુવિધાઓ અને યાત્રીઓને આરોગ્યપ્રદ અલ્પાહાર મળે તે પ્રકારનું ફૂડ પ્લાઝા તૈયાર કરાશે.

શ્રી સોમનાથ ટ્રસ્ટના અતિથિગૃહો, મંદિરો અને વિવિધ જગ્યાઓમાંથી એકઠો કરાતા પ્લાસ્ટિક કચરામાંથઈ પેવરબ્લોક બનાવવા પર્યાવરણલક્ષી પણ નિર્ણય કરાયો.

---

- (હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SWACCHTA HI SEVA

રાજ્ય સહિત દેશભરમાં આજથી સ્વચ્છતા હી સેવા પખવાડિયાનો પ્રારંભ થશે. ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’’ની વિષયવસ્તુ સાથે આ અભિયાન જે 31 ઓક્ટોબર સુધી ચાલશે.

રાજ્ય સરકાર દ્વારા પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં  તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ ઉપરાંત રાજ્યના તમામ વિભાગોમાં સ્વચ્છતા હી સેવાનું અમલીકરણ કરાશે..

લોકભાગીદારી સાથે સ્વચ્છતા અભિયાન, સફાઈમિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત સફાઇ કામદારો સાથે પ્રવૃત્તિઓ કરાશે, રોજરોજની નગરની સફાઈ,  શહેરના તમામ ગાર્બેજ પોઈન્ટ, તમામ વાણિજ્ય વિસ્તારો, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ તેમજ શહેરના તમામ બાગ-બગીચાઓ, ફૂટપાથ, ધોરીમાર્ગોની સફાઈની સાથે અન્ય રોજીંદી સફાઈ થશે સાથોસાથ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા વિષયવસ્તુ આધારિત સફાઈની કામગીરી પણ કરાશે.

આજથી શરૂ થઈ રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જિલ્લા-તાલુકા અને ગ્રામ્યકક્ષાએ સફાઈ-સ્વચ્છતાની શ્રેષ્ઠતા માટે 34 કરોડ 80 લાખના 222 પુરસ્કાર અપાશે.

---

- રીપીટ, ન્યુઝ પેપર નિકીતા, નવીન

# SWACHTA HI SEVA - SURAT

સુરત શહેરમાં આજે સવારે ઓલપાડ ગ્રામ પંચાયત ખાતેથી સ્વચ્છતા હી સેવા અભિયાનનો શુભારંભ થશે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔદ્યોગિક, સફાઈ મિત્રો સાથે જોડાઈને વધુમાં વધુ સ્થળોને સ્વચ્છ બનાવાશે. જે જગ્યાએ કચરાના ઢગલા થતા હોય તેવા જિલ્લાના 468 બ્લેક સ્પોટ અસ્વચ્છ સ્થળોને પસંદ કરાયા છે. આ અભિયાનમાં વધુ ને વધુ લોકો જોડાય તે માટે સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

તો બનાસકાંઠા પણ આજથી આ અભિયાનને વેગવંતું બનાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવશે. જેમાં શહેર તેમજ ગ્રામીણ તમામ વિસ્તારને આવરી લેવામાં આવશે. અંબાજી ગબ્બર તળેટી ખાતે જિલ્લા કક્ષાનો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવશે. જેમાં જિલ્લા કલેકટર મિહિર પટેલ તેમજ જિલ્લાના અધિકારીઓ ગબ્બર તળેટીની સફાઇ કામગીરીમાં જોડાશે.

-----------------------------------------------------------------------

- INFO SURAT, PTC-BANASKANTHA, YASHVI MEHTA, SONAL

# SEVASETU

રાજ્યસરકાર દ્વારા વહીવટમાં પરદર્શકતા વધે તેમજ પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ લાવી શકે તે માટે સમગ્ર રાજ્યમાં આજથી 31 ઓકટોબર સુધી સેવાસેતુ, સ્વચ્છતા હી સેવા અને એક પેડ માં કે નામ કાર્યક્રમના 10 માં તબક્કાનો પ્રારંભ થશે. જેમાં વિવિધ વિભાગોની 55 જેટલી સુવિધા નાગરિકોને પૂરી પાડવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટર જી.ટી.પંડયાએ જણાવ્યું કે, દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં યોજાશે. આ તકે કલેકટરે જનભાગીદારી સાથે સમગ્ર જિલ્લાને સ્વચ્છ બનાવવા તેમજ નાગરિકોને સરકારની સેવાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

---

- INFO, PTC-DWARKA, YASHVI, SONAL

# AMBAJI MULTIMEDIA EXHIBITION

યાત્રાધામ અંબાજીના ભાદરવી પૂનમના મેળામાં આવતા ભક્તોને હવે એક જ જગ્યાએથી ભારત સરકારની વિવિધ યોજનાઓની માહિતી મળી રહેશે. આ માટે પાલનપુર કેન્દ્રીય સંચાર બ્યૂરો દ્વારા મેળામાં મલ્ટિમીડિયા પ્રદર્શનનું આયોજન કરાયું છે.

મેળાની ઉદ્ઘાટન કરતા જિલ્લા કલેક્ટર મિહીર પટેલે કહ્યું કે, ત્રણ દિવસના આ પ્રદર્શનના ઉદ્દેશ્યને સાર્થક કરવા વધુને વધુ શ્રદ્ધાળુઓ અહીં મુલાકાત લઈ જાણકારી મેળવે તેમ જ સ્વચ્છતા પ્રવૃત્તિઓમાં ભાગ લે એવી અપીલ છે.

------------------------------------------------------------------------

- (PIB – PRAVESH)

-(NAVIN)

# AMBAJI MELA DARSHAN

અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાના પાંચમા દિવસે 5 લાખ 98 હજાર ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, છેલ્લા પાંચ દિવસમાં અહીં 22 લાખ 35 હજાર ભક્તોએ માતાજીના દર્શન કર્યા છે. તેમ જ મંદિરને અત્યાર સુધીમાં એક કરોડ 90 લાખ રૂપિયા અને 28 કિલો 15 ગ્રામ સોનાનું દાન મળ્યું છે.

ગત પાંચ દિવસમાં મંદિર પર કુલ 2 હજાર 501 ધજારોહણ કરવામાં આવી છે. જ્યારે ભોજનશાળામાં 3 લાખ 66 હજાર જેટલા યાત્રિઓએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

---

- (PTC – BANASKANTHA – PRAVESH)

-(NAVIN)

# GANESH VISARJAN

રાજ્યભરમાં આજે અનંત ચતુદર્શી નિમિત્તે ગણપતિ બાપ્પાને ઉત્સાહભેર વિદાય અપાશે.

રાજ્યભરમાં સાર્વજનિક અને ઘરોમાં સ્થાપિત દુંદાળા દેવનું આજે ભક્તો દ્વારા વિસર્જન કરાશે. અબીલ, ગુલાલ, ઢોલ નગારા – ડીજેના તાલે ભવ્ય સરઘસ યોજી ગણપતિ બાપાનું નદી, કુંડ કે ઘરોમાં વિસર્જન કરાશે. વહીવટીતંત્ર દ્વારા ગણેશ વિસર્જન માટે અનેક સ્થળોએ કૃત્રિમ કુંડો બનાવાયા છે.

આ ઉપરાંત ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો છે. સુરત ખાતે 15 હજાર જવાનો ઉપરાંત ત્રણ હજાર સીસીટીવી દ્વારા વિસર્જન પ્રક્રિયા પર નજર રખાશે. આ ઉપરાંત વિસર્જન દરમિયાન સંભવિત અકસ્માતોને ધ્યાન રાખી વિશેષ તબીબી ટીમો તૈયાર રખાશે.

----------------------------------------------------------------------

- નીકિતા, ન્યુઝ પેપર - દુર્ગેશ